ક્રમાંક:રાપબો/પ્રા.મા.શિ.શિષ્યવૃત્તિ/૨૦૨૩-૨૪/૯૫૯૭-૯૫૯૪

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા,
સરકારી પુસ્તકાલયની સામે,
સેકટર-૨૧,ગાંધીનગર.
તા: ૧૨/૧૧/૨૦૨૪

પ્રતિ,
તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તથા
તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી

વિષય :- પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા- ૨૦૨૩-૨૪ના માર્કશીટ/પ્રમાણપત્ર વિતરણ બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજય પરીક્ષા બોર્ડ દ્વારા ધોરણ-૬ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૩-૨૪ અને ધોરણ-૯ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૩-૨૪ તા:૨૮/૦૪/૨૦૨૪ના રોજ લેવામાં આવેલ હતી.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ-૨૦૨૩-૨૪ના માર્કશીટ/પ્રમાણપત્રો રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તારીખઃ-૧૪/૧૦/૨૦૨૪ના રોજ આપના તાબાના તમામ **બી.આર.સી.કો.ઓર્ડીનેટરશ્રીઓને** જે તે બ્લોકની શાળા પ્રમાણે પેકિંગ કરી અત્રેથી રજી.પોસ્ટ દ્વારા મોકલી આપવામાં આવેલ છે. આ માર્કશીટ/પ્રમાણપત્રોના વિતરણ અંગેની કામગીરી શાળા સુધી યોગ્ય રીતે સમયસર થાય તે બાબતે તેમજ માર્કશીટ/પ્રમાણપત્રોના વિતરણ કર્યા અંગે થયેલ કામગીરીની જાણ આ કચેરીના ઈ-મેઈલ આઈડી gseb21@gmail.com પર મેઈલ દ્વારા મોકલી આપવામાં આવે તે અંગેના જરૂરી સૂચન આપની કક્ષાએથી સંબંધિતોને થવા વિનંતી.

વધુમાં, જિલ્લાની તમામ પ્રાથમિક/માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓએ જે-તે તાલુકાના યુ.આર.સી. અને બી.આર.સી કો-ઓર્ડીનેટરશ્રી પાસેથી માર્કશીટ/પ્રમાણપત્ર મેળવી લેવા અંગેની જાણ આપની કક્ષાએથી કરવાની રહેશે.

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

નકલ રવાના અમલાર્થે..
- યુ.આર.સી. અને બી.આર.સી કો-ઓર્ડીનેટરશ્રી (તમામ)